For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in







■ સુરતના પીપલોદના વાય જંક્શનથી શરૂ થનારી ભવ્ય તિરંગા યાત્રા માટે શહેર પોલીસ, ફાયર બ્રિગેડ સહિતની ટીમે તૈયારીઓને આખરી ઓપ આપ્યો હતો. જવાનોને પરેડ કરતાં જોઈ ઉપસ્થિત લોકો પણ દેશદાઝની ભાવનામાં રંગાયા હતા. **(તસવીરઃ સતીષ જાદવ)**

**આગામી તા.૧૫મીના રોજ સ્વતંત્રતા દિવસની ઉજવણી થાય તે પહેલા**

# ‘તિરંગા’ના સન્માન માટે આજે સુરતમાં ‘તિરંગાયાત્રા’, દેશભક્તિ કોન્સર્ટ થશે

**તિરંગા** યાત્રા મગદલ્લા, વાય જંક્શનથી નીકળીને લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ સુધી જશે

**નર્મદ** યુનિવર્સિટીમાં યોજાનારી કોન્સર્ટમાં દેશભક્તિસભર ગીત-સંગીતની પ્રસ્તુતિ થશે

સુરતઃ આવતીકાલે તા.13મી ઓગસ્ટના રોજ સુરતમાં સાંજે 6 વાગ્યે પીપલોદના વાય જંક્શનથી લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ સુધી બે કિલોમીટરની ભવ્ય તિરંગા યાત્રા યોજવામાં આવશે. જેમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી

...અનુસંધાન પાના 9 પર

### યાત્રામાં વિવિધ કરતબો દેખાડાશે, ફાયરનાં અત્યાધુનિક સાધનો રજૂ કરાશે

યાત્રામાં પોલીસ બાઇક પ્લાટુન, ફાયર બાઈક પ્લાટુન, બેલેન્સિંગ બાઈક, માઉન્ટેન હોર્સ પ્લાટુન, મહિલા પોલીસ બેન્ડ પ્લાટુન,

...અનુસંધાન પાના 9 પર

## તિરંગાયાત્રાને કારણે આજે 8 સિટી બસ અને 2 BRTSના રૂટ બંધ

સુરતઃ આવતીકાલે સાંજે 06:00 કલાકે વાય-જંક્શન ડુમસ રોડથી લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ સુધી યોજાનારી તિરંગા યાત્રાને કારણે ડુમસ રોડ પર એસ.કે. નગર ચાર રસ્તાથી SVNIT સર્કલ, જોલી પાર્ટી પ્લોટથી Y-જંક્શન અને રાહુલરાજ મોલ તરફના મુખ્ય માર્ગો પર વાહનોની અવરજવર તથા પાર્કિંગ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જેને ધ્યાને રાખીને તા. 13/08/2026 ના રોજ સવારથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી 2 બીઆરટીએસ અને 8 સીટી બસના રૂટોમાં ફેરફાર કે બંધ કરવામાં આવ્યા છે.

### સિટી અને BRTS બસના અસરગ્રસ્ત રૂટ

**બીઆરટીએસ બસ રૂટ**

- ઓએનજીસી કોલોનીથી સરથાણા નેચર પાર્કનો રૂટ સોમેશ્વર સુધી ટૂંકાવવામાં આવ્યો છે.
- ઓએનજીસી કોલોનીથી કોસાડ EWS H2 સુધીનો રૂટ પાલ આર.ટી.ઓ. સુધી ટૂંકાવવામાં આવ્યો છે.

**સિટી બસ રૂટ**

- રેલ્વે સ્ટેશનથી એરપોર્ટનો રૂટ સવારથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી સંપૂર્ણપણે બંધ રહેશે.
- રેલ્વે સ્ટેશનથી આભવા ગામ - રિંગ રોડ થઈને રૂટ સવારથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી સંપૂર્ણપણે બંધ રહેશે.
- રેલ્વે સ્ટેશનથી શ્રી સરસ્વતી મહાવિદ્યાલયનો રૂટ સવારથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી સંપૂર્ણપણે બંધ રહેશે.
- ચોકથી સી.કે. પીઠાવાલા એન્જિનિયરિંગ કોલેજનો રૂટ સવારથી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી સંપૂર્ણપણે બંધ રહેશે.
- ચોકથી ભીમપોરનો રૂટ

...અનુસંધાન પાના 9 પર

## આજે Y-જંક્શનથી લાલભાઈ સ્ટેડિયમ રોડ પર નો-એન્ટ્રી રહેશે

**તિરંગાયાત્રાને** પગલે સુરતમાં ટ્રાફિક વ્યવસ્થામાં મોટો ફેરફાર, બપોરે 1 વાગ્યાથી યાત્રા પૂર્ણ થાય ત્યાં સુધી મુખ્ય માર્ગો પર વાહનવ્યવહાર અને પાર્કિંગ બંધ

સુરતઃ શહેરમાં તા. 13 ઓગસ્ટના રોજ યોજાનારી વિરાટ તિરંગા યાત્રાને પગલે શહેરના કેટલાક મહત્ત્વના માર્ગો પર ટ્રાફિક વ્યવસ્થામાં મોટો ફેરફાર

...અનુસંધાન પાના 9 પર

### આ માર્ગો પર વાહનવ્યવહાર બંધ રહેશે

- એસ.કે.નગર ચાર રસ્તાથી SVNIT સર્કલ અને SVNIT સર્કલથી એસ.કે.નગર ચાર રસ્તા સુધીના મુખ્ય માર્ગ પર અવરજવર બંધ રહેશે. જોકે સર્વિસ રોડનો ઉપયોગ કરી શકાશે.
- જોલી પાર્ટી પ્લોટ ચાર રસ્તાથી Y-જંક્શન સુધીના મુખ્ય માર્ગ પર પ્રતિબંધ રહેશે.
- જોલી પાર્ટી પ્લોટ ચાર રસ્તાથી રાહુલરાજ મોલ તરફ જતા માર્ગ પર પણ વાહનવ્યવહાર બંધ રહેશે.

...અનુસંધાન પાના 9 પર

# દક્ષિણ ગુજરાતમાં ફરી વરસાદી માહોલનાં એંધાણ, સુરતમાં છૂટાછવાયાં ઝાપટાં

**શહેરમાં** વાદળછાયા વાતાવરણ વચ્ચે મહત્તમ તાપમાન 31.5 ડિગ્રી

સુરત : સુરત શહેર અને જિલ્લામાં બુધવારે દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ છવાયેલું રહ્યું હતું. આ દરમિયાન શહેરના કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. બીજી તરફ દક્ષિણ ગુજરાતમાં આગામી દિવસોમાં વરસાદનું પ્રમાણ વધવાની શક્યતા વચ્ચે ઉકાઈ ડેમના ઉપરવાસમાં પણ હળવો વરસાદ નોંધાયો છે, જેના કારણે ડેમમાં પાણીની આવકમાં વધારો થયો છે.

જિલ્લામાં સૌથી વધુ અંબિકા ખાતે

...અનુસંધાન પાના 9 પર

### ઉકાઈ ડેમમાં પાણીની આવક વધીને 37 હજાર ક્યુસેક

બીજી તરફ ઉકાઈ ડેમના ઉપરવાસમાં પણ હળવો વરસાદ શરૂ થતાં ડેમમાં પાણીની આવકમાં વધારો થયો છે. આજે ઉકાઈ ડેમમાં પાણીની આવક વધીને 37 હજાર ક્યુસેક સુધી પહોંચી હતી. સામે ડેમમાંથી 23 હજાર ક્યુસેક પાણી છોડવાનું ચાલુ રાખવામાં આવ્યું છે. ડેમની સપાટી હાલમાં 334.49 ફૂટ નોંધાઈ છે. ઉપરવાસમાં વરસાદનું પ્રમાણ વધે તો આગામી દિવસોમાં ઉકાઈ ડેમમાં પાણીની આવકમાં વધુ વધારો થવાની શક્યતા છે. હાલ તંત્ર દ્વારા ડેમની આવક અને જાવક પર સતત નજર રાખવામાં આવી રહી છે.

# મુંબઈના સાયકોએ સુરતનાં મહિલા ફીઝિયોને બીભત્સ વિડીયો મોકલ્યા

**સુરતની** અનેક મહિલા ફિઝિયોથેરાપિસ્ટને વોટ્સએપ કોલ-વિડીયો કોલ કરી વિકૃત હરકતો કરતો હતો, એસોસિએશનની રજૂઆત બાદ ફરિયાદ

સુરતઃ ઓનલાઈન ફિઝિયોથેરાપી ટ્રીટમેન્ટના નામે સુરત શહેરની મહિલા ફિઝિયોથેરાપિસ્ટોને ફોન કરી અશ્લીલ વિડીયો અને ફોટોગ્રાફ્સ મોકલી હેરાન-પરેશાન કરનાર મુંબઈના ‘તુષાર’ નામના એક સાયકો ઈસમ સામે સુરત સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. આ ઘટના અંગે સુરતના ફિઝિયોથેરાપિસ્ટ ડોક્ટર એસોસિએશને ઉચ્ચ પોલીસ અધિકારીઓને રજૂઆત કર્યા બાદ સાયબર ક્રાઈમ પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી આરોપીને દબોચી લેવા મહારાષ્ટ્ર તરફ એક ટીમ રવાના કરી છે.

મળતી માહિતી મુજબ, ગત તા. ૨૪ જુલાઈ ૨૦૨૬ના રોજ બપોરે શહેરની એક મહિલા ફિઝિયોથેરાપિસ્ટોના મોબાઈલ નંબર પર અજાણ્યા મોબાઇલ નંબરથી ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાની ઓળખ મુંબઈ રહેતા ‘તુષાર’ તરીકે આપી હતી અને તેને ફિઝિયોથેરાપીની ટ્રીટમેન્ટ જોઈએ છે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ આ ઈસમે ગુગલ પરથી ઓનલાઈન સંપર્ક મેળવી મહિલા ડોક્ટરને પોતાના પ્રાઈવેટ પાર્ટનો બિભત્સ વિડીયો મોકલ્યો હતો. મહિલા ડોક્ટરે તેને સ્પષ્ટ ના પાડી કોઈ પુરુષ ફિઝિયોથેરાપિસ્ટ પાસે સારવાર લેવા માટે સૂચન કર્યું હતું. છતાં આ સાયકો ઈસમે પોતાના અન્ય અશ્લીલ ફોટોગ્રાફ્સ મોકલી મહિલાને ઓનલાઈન ફિઝિયો સારવાર માટે ફોર્સ કરવાનું ચાલુ રાખ્યું હતું.

તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે આ સાયકો મગજનો ઈસમ સુરત શહેરની અન્ય પણ કેટલીય મહિલા ફિઝિયોથેરાપિસ્ટોને આ જ પ્રકારે વોટ્સએપ કોલ અને વિડીયો કોલ મારફતે ફિઝિયો એક્સરસાઈઝ તથા પર્સનલ કાઉન્સિલિંગના નામે અશ્લીલ હરકતો કરી પરેશાન કરતો હતો. ભોગ બનનાર મહિલાઓએ આ અંગે સુરતના ફિઝિયોથેરાપિસ્ટ ડોક્ટર એસોસિએશનમાં રજૂઆત કરી હતી.

જેથી એસોસિએશન દ્વારા સાયબર ક્રાઈમનો સંપર્ક કરવામાં આવ્યો હતો. સમગ્ર મામલાની ગંભીરતા જોઈ સાયબર ક્રાઈમ નાયબ પોલીસ કમિશનર (DCP) દ્વારા તુરંત જ

...અનુસંધાન પાના 9 પર

# નવ રેસિડેન્ટ ડોક્ટર સાથે રેગિંગ થયું હતું!

**માઇક્રોબાયોલોજી** વિભાગની રેગિંગ ફરિયાદ અંગે સરકારી મેડિકલ કોલેજે VNSGUને વિગતવાર રિપોર્ટ સુપરત કર્યો

**‘વર્બલ** એબ્યુઝ એન્ડ હ્યુમિલિયેશન’ના આક્ષેપોને રેગિંગની વ્યાખ્યામાં આવતા ગણાવાયા

સુરતઃ સુરતની સરકારી મેડિકલ કોલેજમાં ડો. હર્ષ પંડ્યાના આપઘાત બાદ તપાસમાં બહાર આવેલી રેગિંગની ફરિયાદો સહિતનો મેડિકલ કોલેજ દ્વારા તૈયાર કરવામાં આવેલો વિગતવાર તપાસ રિપોર્ટ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને સુપરત કરવામાં આવ્યો છે. રિપોર્ટમાં તપાસ સમિતિ દ્વારા લેવામાં આવેલા નિવેદનો, દસ્તાવેજી પુરાવા, વિવિધ બેઠકોની વિગતો તથા તપાસના તારણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. રિપોર્ટના મહત્વપૂર્ણ અંશોમાં

...અનુસંધાન પાના 9 પર

### કમિટીના રિપોર્ટમાં ગોળગોળ તારણ કેમ? સ્પષ્ટતા કેમ નહીં? કોને બચાવવાનો પ્રયાસ

તપાસ રિપોર્ટમાં ડો. હર્ષ પંડ્યાના અપમૃત્યુ પ્રકરણ અંગે પણ મહત્વપૂર્ણ તારણ નોંધવામાં આવ્યું છે. રિપોર્ટ અનુસાર એક તરફ રેગિંગ આપઘાતનું કારણ બતાવાયું છે. તો બીજી તરફ આપઘાત પાછળ અનેક કારણો હોઈ શકે છે અને આ અંગે અગાઉ સંસ્થાને

...અનુસંધાન પાના 9 પર

### આટલી ગંભીર ઘટના છતાં ફેકલ્ટીનો એક્શન લેવાની જગ્યાએ સમાધાન કરાવવા પ્રયાસ

તપાસ દરમિયાન સામે આવેલા નિવેદનોમાં વિભાગના કેટલાક ફેકલ્ટી સભ્યો દ્વારા સિનિયર અને જુનિયર રેસિડેન્ટ ડોક્ટરો વચ્ચે સંવાદ વધારવા તથા મતભેદો દૂર કરવા માટે માર્ગદર્શન આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું પણ

...અનુસંધાન પાના 9 પર

### કમિટીની રિપોર્ટમાં અસ્પષ્ટતા કેમ? રિપોર્ટનાં મુખ્ય તારણો

1. એક તરફ પ્રથમ વર્ષના રેસિડેન્ટ ડોક્ટરો દ્વારા ‘વર્બલ એબ્યુઝ એન્ડ હ્યુમિલિયેશન’ની ફરિયાદ કરવામાં આવી હતી હોવાનું કહેવાય છે. બીજી તરફ ડો.હર્ષ દ્વારા અગાઉ ફરિયાદ આપી ન હોવાનું કહેવાયું છે.
2. પ્રથમ વર્ષના રેસિડેન્ટ ડોક્ટરો પર વધુ કાર્યભાર હોવાનો ઉલ્લેખ થયો છે.
3. માઇક્રોબાયોલોજી વિભાગના વડા, ફેકલ્ટી, જુનિયર-સિનિયર રેસિડેન્ટ અને અન્ય કર્મચારીઓના નિવેદનો લેવામાં આવ્યા હતા.
4. નેશનલ મેડિકલ કમિશનના એન્ટી-રેગિંગ ગેઝેટની જોગવાઈઓનો સંદર્ભ લેવામાં આવ્યો છે.
5. ફરિયાદમાં દર્શાવાયેલા ‘વર્બલ એબ્યુઝ એન્ડ હ્યુમિલિયેશન’ના તથ્યો રેગિંગની વ્યાખ્યામાં આવતા હોવાનું નોંધાયું છે.
6. પ્રથમ વર્ષના નવ રેસિડેન્ટ ડોક્ટરો સાથે રેગિંગ થતું હોવાનું ફલિત થયાનો રિપોર્ટમાં ઉલ્લેખ છે.

**ડો. હર્ષને આપઘાત સુધી લઈ જવાના પ્રકરણમાં**

## રેગિંગ કરનારા સિનિયર ડોક્ટર્સ બે દિવસમાં પોલીસમાં હાજર થાય!

**ખટોદરા** પોલીસ દ્વારા ચારેય ડોક્ટરને નિવેદનો આપવા માટે હાજર થવાની નોટિસ આપવામાં આવી

સુરતઃ મજુરાગેટ સ્થિત નવી સિવિલ હોસ્પિટલમાં જુનિયર રેસિડેન્ટ ડો. હર્ષ પંડ્યાના આપઘાત અને રેગિંગ કેસમાં ખટોદરા પોલીસે એન્ટી-રેગિંગ સ્ક્વોડના અહેવાલના આધારે મેડિકલ કોલેજના વહીવટી અધિકારી ગીરીશ પટેલની ફરિયાદથી ચાર સિનિયર રેસિડેન્ટ ડોક્ટરો સામે ગુનો નોંધ્યો છે. પોલીસે ચારેય ડોક્ટરોને આજે નોટિસ પાઠવી બે દિવસમાં પોલીસ સમક્ષ હાજર થઈ નિવેદન નોંધાવવા જણાવ્યું છે.

ખટોદરા પોલીસના જણાવ્યા મુજબ, કેસમાં આરોપી બનાવાયેલા સિનિયર રેસિડેન્ટ ડો. નીરાલી પરેશ વસાવે, ડો. અનુજ મહેશ્વરી, ડો. દિશીતા સંદીપ ઘેવરિયા અને ડો. હીના વાલજી ભુતને પોલીસે નોટિસ પાઠવી છે. ચારેયને પોલીસ સ્ટેશનમાં હાજર થઈ નિવેદન આપવા તથા તપાસમાં સહકાર આપવા જણાવાયું છે. એન્ટી-રેગિંગ

...અનુસંધાન પાના 9 પર

### ચારેય સિનિયર ડોક્ટરને હોસ્ટેલ ખાલી કરાવી બહાર કઢાયા

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલ સંલગ્ન મેડિકલ કોલેજના રેસિડેન્ટ ડો. હર્ષ પંડ્યાના આપઘાત અને રેગિંગના ગંભીર કેસમાં મેડિકલ કોલેજ પ્રશાસન દ્વારા કાર્યવાહીનો દોર આગળ વધ્યો છે. એન્ટિ-રેગિંગ કમિટીના પ્રાથમિક અહેવાલ બાદ છ માસ માટે સસ્પેન્ડ કરાયેલા ચારેય સિનિયર રેસિડેન્ટ ડોક્ટરોના હોસ્ટેલ રૂમ પણ ખાલી કરાવવામાં આવ્યા છે. સસ્પેન્શનના આદેશ સાથે ચારેય ડોક્ટરોને હોસ્પિટલ, હોસ્ટેલ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓથી છ માસ માટે દૂર રાખવાનો નિર્ણય કરવામાં

...અનુસંધાન પાના 9 પર

**અસ્થિર મગજનો યુવક ટાંકી પર ચડી ગયો ને ‘વીરુ’ની જેમ ગામ ગાંડું કર્યું**

# ‘ઓ મૌસીજી...!’ ઉધનામાં 100 ફૂટ ઊંચી ટાંકી પર ‘શોલે’ જેવો ડ્રામા

**હાઇડ્રોલિક** પ્લેટફોર્મ, દોરડા અને નીચે જાળ સાથે ફાયરની ટીમે જીવના જોખમે રેસ્ક્યુ કર્યું

સુરતઃ ઉધના વિસ્તારમાં આજે અચાનક એવો નાટકીય સીન સર્જાયો કે આસપાસના લોકોના ટોળેટોળા એકઠા થઈ ગયા હતા. નિર્માણાધીન 100 ફૂટ ઊંચી પાણીની ટાંકી પર એક યુવક પાલખના સહારે ચડી જઈ ઉપર બેસી રહ્યો હતો. નીચે ઉભેલા લોકો તેને ઉતરી જવા સમજાવતા રહ્યા, પરંતુ યુવક નીચે આવવા તૈયાર નહોતો. લગભગ એક કલાક સુધી ચાલેલા આ ‘હાઈવોલ્ટેજ ડ્રામા’એ લોકોને લોકપ્રિય ફિલ્મ ‘શોલે’ના સીનની યાદ અપાવી દીધી. ઘટનાની જાણ થતાં ઉધના ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક હાઈડ્રોલિક પ્લેટફોર્મ સહિતના હેવી વ્હિકલ સાથે સ્થળ પર પહોંચી હતી. યુવક ટાંકીની ટોચ પર

...અનુસંધાન પાના 9 પર





### એક તરફ 100 ફૂટની ઊંચાઈ, બીજી તરફ યુવકને બચાવવાની ‘રેસ’

ફાયરની ટીમે પહેલા હાઇડ્રોલિક પ્લેટફોર્મની મદદથી ઉપર પહોંચવાનો પ્રયાસ કર્યો હતો. સાથે જ એક ફાયર જવાન નીચેથી પાલખના સહારે ટાંકી તરફ ચડ્યો હતો. ઉપર પહોંચેલા ફાયરમેન અને માર્શલે યુવકને સમજાવી સુરક્ષિત રીતે નીચે લાવવાની કામગીરી શરૂ કરી હતી. યુવક અચાનક નીચે કૂદી ન પડે તે માટે નીચે ફાયરના

...અનુસંધાન પાના 9 પર



**અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો**

M.81539 99901

ગુજરાતમિત્ર



**દસમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સ્વ. ચુનીલાલ ભુલાભાઈ પટેલ
સ્વ. તા. ૧૩/૦૮/૨૦૧૬

ભક્તિ તમે કરી પુણ્ય અમ સૌને મળ્યું, સંઘર્ષ તમે કર્યો સુખ સૌને આપ્યું, કર્મ તમે કર્યા ફળ સૌને આપ્યા, આપવું એજ આપનો જીવનમંત્ર હતો, લઈ શું ગયા તમે? આપી ગયા ઘણું સૌને. આપના આશીર્વાદથી અમો સમૃદ્ધ થયા મન હજુ માનતું નથી કે તમે હયાત નથી, હૃદયની લાગણી કહે છે તમો અમારી આસપાસ છો. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એવી સહૃદયથી પ્રાર્થના.

કૃષ્ણમુખભાઈ ચુનીલાલ પટેલ
નરેન્દ્રકુમાર ચુનીલાલ પટેલ
સ્વ. હરીશકુમાર ચુનીલાલ પટેલ
સ્વ. મનોજકુમાર ચુનીલાલ પટેલ
હાર્દિક મનોજભાઈ પટેલ
કપિલદેવ નરેન્દ્રકુમાર પટેલ
નારાયણ કૃષ્ણમુખભાઈ પટેલ
નિસર્ગ હરીશકુમાર પટેલ
તથા સમસ્ત ભગત પરિવાર



**ચીખલીમાં ક્ષત્રીય અવસાન / પ્રાર્થના સભા**



**સ્વ.રૂક્ષ્મણીબેન નારાયણદાસ કાપડિયા (ચીખલી) સ્વ. તા. ૦૬/૦૮/૨૦૨૬**

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પૂજ્ય માતૃશ્રી રૂક્ષ્મણીબા તા.૬-૮-૨૬ ને ગુરૂવારે દેવલોક પામ્યાં છે.સદગતની પ્રાથના સભા તા.૧૭-૮-૨૬ ને સોમવારના રોજ બપોરે ૧:૩૦ થી ૪:૦૦ વાગ્યા સુધી શ્રી ક્ષત્રીય સમાજની વાડી ચીખલી મુકામે રાખેલ છે.

લિ.

ભરત નારાયણદાસ કાપડિયા | ઇન્દિરા ભરત કાપડિયા
હિતેશ નારાયણદાસ કાપડિયા | મીનાક્ષી હિતેશ કાપડિયા
ઈશ્વર નારાયણદાસ કાપડિયા | પૂર્ણિમા ઇશ્વર કાપડિયા
ભક્તિ પ્રવિણચંદ્ર બલસારા | પ્રવિણચંદ્ર ઉત્તમરામ બલસારા
તથા સમસ્ત આશીર્વાદ પરિવાર

નિવાસ સ્થાન :- આશીર્વાદ B,H,I,M મોલ લાયન્સ ગાર્ડન સામે ચીખલી જી.નવસારી
મોબાઇલ ફોન - ૯૮૨૪૧ ૪૦૯૫૬,૯૪૨૭૧ ૪૦૬૪૪



**પંચમ સ્મરણાંજલિ**



સ્વ. પ્રફુલચંદ્ર અંબાલાલ શાહ
સ્વ.તા. ૧૩/૮/૨૦૨૧

એક મજબુત નીવ, નિર્મળ લાગણીની...
એક દૃઢ વચન, અનંત સાથનો...
એક અદમ્ય ભરોસો, અતૂટ વિશ્વાસનો...
એક સાક્ષાત દ્રષ્ટાંત, પરિવારના મોભીની પ્રતિતીનું...
એક આધારરૂપ અહેસાસ, ‘તમે છો ને’ એનો સદા !

ભારતીબેન પ્રફુલચંદ્ર શાહ
વર્ષાબેન-ધીરેનભાઈ શાહ | સોનાબેન-રાજેન્દ્રભાઈ શાહ
ડૉ.આસ્કા-ધ્રુવકુમાર બચકાનીવાલા | ક્ષમા-ધવલભાઈ શાહ
દેવાંશી પ્રિયાંક શાહ



**છઠ્ઠી વાર્ષિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. જયંતિલાલ હીરાલાલ પાનવાલા**
જન્મ તા. ૧૩/૧૦/૧૯૫૬ - સ્વ. તા. ૧૩/૦૮/૨૦૨૦

પપ્પા, તમને આપણી વચ્ચેથી વિદાય લીધા આજે છ વર્ષ પૂરા થયા છે, પણ તમારી યાદો આજે પણ એટલી જ તાજી છે. આપના સંસ્કાર અને માર્ગદર્શન હંમેશા અમારા માટે જીવનભરની મૂડી બની રહેલી છે. હે ભગવાન, અમારા વ્હાલા પપ્પાના આત્માને તમારા ચરણોમાં સ્થાન આપશોજી. જય શ્રી કૃષ્ણ

લિ.
પ્રિતિ જયંતિલાલ પાનવાલા
હિમાલય જયંતિલાલ પાનવાલા
નેહા જયંતિલાલ પાનવાલા - ખુશ્બુ જયંતિલાલ પાનવાલા
તથા સમસ્ત પાનવાલા પરિવાર